

# અમેરિકા માં પર્યુષણ પર્વની ઐતિહાસિક ઉદ્વવણી

પર્યુષણ એટલે હૃદય પરિવર્તનનું પર્વ, રાગદ્વેષને ભૂલી હૃદયમાં ક્ષમાભાવ ધારણ કરી મોક્ષમાર્ગે આગળ ધપવાની આગણિત તકો લાવે છે. પર્યુષણ પર્વ, સ્વ સાથે અનુસંધાન સાધવાના પ્રયત્નમાં, ભક્તિ, સત્સંગ અને સમાગમ માં ડૂબી શ્રી જિનેશ્વર ભગવંતોની નજીક સરકવાનો અમૂલ્ય અવસર છે પર્યુષણ પર્વ. આ વર્ષે અધિકમાસનો અધિક લાભ અમેરિકામાં વસતા જૈન સાધકોને મળ્યો છે. પ્રથમ ભાદરવામાં યુગાવતાર શ્રીમદ્ રાજચંદ્રજીની અસીમ કૃપાથી અને પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઇ ની કરૂણા થી, અમેરિકાની ભૂમિપર, તેઓશ્રીના શીતલ સાન્નિધ્યમાં આઠસો આઠસો લોકોએ આઠ-આઠ દિવસ અવિસ્મરણીય પર્યુષણ પર્વની અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવણી કરી.

### પ્રથમવાર આયોજાયેલ ૮ દિવસના આ રેસીડેન્ટશિયલ પર્યુષણની ઉજવણી

અમેરિકામાં આઠ દિવસની રજા, આઠ દિવસ ઘર ને તાળાં, આઠ દિવસ સંઘ સાથે આરાધના : મુમુક્ષુતાની તીવ્રતા વગર, પરમ પ્રેરણા વગર આવું બને જ કેવી રીતે ? અમેરિકા, કેનડા અને યુરોપના વિવિધ પ્રાંતોમાં થી આવેલા તેમજ વિદેશી સાધકો એ, પર્યુષણ પર્વની ઉજવણીમાં જરૂરી એવા સર્વ સાત્વિક તાત્વિક વ્યવસ્થાપૂર્ણ વાતાવરણમાં આત્માને ઉલ્હાસિત કરતા કાર્યક્રમોમાં સહર્ષ ભાગ લીધો. અને આરાધકોમાંથી અડધા તો યુવાવર્ગના, નવી પેઢીના, ચાલીસ વર્ષ થી નીચેના જિજ્ઞાસુ ઓ હતા, જેઓ રંગાઇ ગયા આધ્યાત્મિકતા ના રંગોથી! ઉપસ્થિત મુમુક્ષુઓ અઢ્ઢાઈ ઉપવાસ, એકાસણા અથવા બેસણા જેવી વિવિધ તપસ્યાઓમાં જોડાયા હતા. રોજ વહેલી સવારે ભવ્ય, ભક્તિપૂર્ણ સ્નાત્ર મહોત્સવ થી શરૂ થાય. હૃદયના તાર ને પરમ સાથે જોડતી અલૌકિક ભક્તિ થાય જે આંખમાં અશ્રુ, મનમાં ભાવ અને ચરણમાં સમર્પણ નો થનગનાટ જગાવે. પૂજ્ય શ્રી ગુરૂદેવના જોશીલા હોંશીલા સરળ સમજણ ભર્યા અધ્યાત્મરસ સભર પ્રવચનો સાંભળવા સૌ આતુરતાથી ભેગા થતા હતા. યુ.એસ.એ. ના રાજ પરિવારે જાજરમાન પણ વૈરાગ્ય પ્રેરક 'ધન્ના શાલિભદ્ર' ની કથા પર આધારિત હૃદય સ્પર્શી નાટયપ્રયોગ રજૂ કર્યો હતો. અંતે અંતરશુદ્ધિની અનુભૂતિરૂપ સાંવત્સરિક આલોચના દ્વારા સૌના હૃદય ક્ષમાપના થી ભીના થયા.

પર્યુષણ દરમ્યાન પૂજ્યશ્રી ગુરૂદેવે, ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ વિરચિત 'શાંત સુધારસ' ગ્રંથના માધ્યમથી મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થતા એ ચાર ભાવનાઓના બોધ દ્વારા મુમુક્ષુઓને સાધના સાથે બાહ્મજગત સાથેના પ્રેમપૂર્ણ વ્યવહારના સમન્વય નો સંદેશ આપ્યો.

પૂજ્યશ્રી ઉપાધ્યાયજી મહારાજ ની આ સુંદર કૃતિ અનિત્યાદી બાર ભાવનાઓના બોધથી વૈરાગ્ય અને તત્વનો અદ્ભૂત ઉપદેશ આપે છે. સાંસારિક સુખોનું વાસ્તવિક સ્વરૂપ સમજાવી, તેની પોકળતા અને વ્યર્થતા બતાવી, ઉપાધ્યાયશ્રી સાધકોને અપૂર્વ આંતર સંશોધન દ્વારા સાચા અને શાશ્વત એવા આત્મિક સુખની દિશા બતાવે છે.

પૂજ્યશ્રી ગુરૂદેવની પાવનનિશ્રામાં આવા જ ભવ્યાતિભવ્ય, ઉલ્હાસ અને ઉમંગ સભર, પ્રભુપ્રેમ પ્રેરક પર્યુષણપર્વની ઉજવણી તા. ૧૨ સપ્ટેંબર, બુધવાર થી તા. ૧૯ સપ્ટેંબર, બુધવાર સુધી મુંબઇમાં દાદર (પૂર્વ) માં આવેલ શ્રીયોગીસભાગૃહમાં પણ આયોજિત કરવામાં આવેલ છે.